ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

# 'સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ **સ્કોલરશિપ** ફોર કોલેજ'

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ–૨૦૨૧ માં લેવાયેલી ધો.૧૨ ની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૮૦ ટકા કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર કે જેના વાલીની વાર્ષિક આવક રૂા.૮,૦૦,૦૦૦/– સુધી હોય તેવા વિદ્યાર્થીઓએ 'સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટસ' યોજના હેઠળ શિષ્યવૃતિનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી વેબસાઈટ (National Scholarship Portal) www.scholarships. gov.in પર કરવાની રહેશે.**

- જે વિદ્યાર્થીઓએ અગાઉ આ શિષ્યવૃતિ યોજના હેઠળ લાભ મેળવેલ છે તેમણે પણ ઉપરોકત વેબસાઈટ પર ઓનલાઈન રીન્યુઅલ અરજી કરવાની રહેશે. રીન્યુઅલ વિદ્યાર્થીએ ગતવર્ષની અરજીની આઈડીનો ઉપયોગ કરીને જ અરજી કરવાની રહેશે.
- રીન્યુઅલ ફોર્મ ભરનાર વિદ્યાર્થીએ આગળના વર્ષમાં ૫૦ % કે તેથી વધારે હોવા જોઈએ. ૫૦ % થી ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓએ રીન્યુઅલ/ફ્રેશ ફોર્મ ભરવું નહી.
- જે વિદ્યાર્થીઓએ વર્ષ : ૨૦૨૦–૨૧ માં ઉપરોકત યોજના હેઠળ ફોર્મ ભરેલ હતું, પરંતુ શિષ્યવૃત્તિ મંજુર થયેલ નથી, તેમને ફ્રેશ ફોર્મ ભરવાનું રહેશે.
- ઓનલાઈન ફોર્મ ભરનાર વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં હોવું જોઈએ. તેમજ શિષ્યવૃત્તિની પ્રક્રિયા દરમ્યાન બેંક એકાઉન્ટ એકિટવ રાખવું. તેમજ આધાર નંબર સાથે લિંક હોવું જોઈએ.
- ઓનલાઈન ફોર્મ ભરતી વખતે સ્કોલરશીપની વેબસાઈટ પરથી જે બોનાફાઈડ સર્ટીફીકેટ જનરેટ થાય તેમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવી કોલેજમાં આચાર્યશ્રીના સહી/સિકકા કરાવ્યા બાદ ફોર્મમાં ફરજીયાત અપલોડ કરવાનું રહેશે.
- મેરીટના આધારે જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.
- ઓનલાઈન ફોર્મ ભરતી વખતે Joining Dateમાં સેમ.–૧ વિદ્યાર્થીઓએ ફી ભર્યાની તારીખ લખવી.
- સેમ.–૩ અને ૫ ના વિદ્યાર્થીઓએ Joining Date માં તા.૦૭/૦૬/૨૦૨૧ લખવું.

**⇒ ઓનલાઈન ફોર્મ ભરી ફોર્મની સાથે જરૂરી તમામ ડોકયુમેન્ટ્સની સ્વ–પ્રમાણિત નકલ ક્રમાનુસાર જોડવાના રહેશે.**

૧. શાળા છોડયાનું પ્રમાણપત્ર
૨. ધો.–૧૨ ની તમામ પ્રયત્નોની માર્કશીટ
૩. કોલેજની તમામ સેમેસ્ટરની માર્કશીટ (રીન્યુઅલ ફોર્મ માટે)
૪. બોનાફાઈડ સર્ટીફીકેટ (ઓરીજીનલ)
૫. ફી ભર્યાની પાવતી (હાલ જે સેમેસ્ટરમાં ભણતાં હોય તે સેમેસ્ટરની પાવતી)
૬. આધાર કાર્ડ / એનરોલમેન્ટ સ્લીપ
૭. રેશનકાર્ડ
૮. જાતિનો દાખલો / પરીશિષ્ટ–ખ (લાગુ પડતું હોય તો )
૯. આવકનો દાખલો (તા.૦૧/૦૪/૨૦૧૯ કે તે પછીનો)
૧૦. જેમના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેમણે 16-A નું ફોર્મ જોડવું.
૧૧. બેંકની પાસબુકની નકલ

***નોંધ : સરકારશ્રીની શિષ્યવૃતિ યોજનામાં એકથી વધારે શિષ્યવૃતિના ફોર્મ ભરી શકશે નહી.***

**ઓનલાઈન ફોર્મ ભરી કોલેજમાં તારીખ : ૧૫/૦૯/૨૦૨૧ થી ૩૦/૧૦/૨૦૨૧**
**સમય : ૦૯:૦૦ થી ૧૨:૦૦ સુધીમાં**
**શ્રી તુષારભાઈ મકવાણા પાસે જમા કરાવવું.**

તારીખ : ૦૯/૦૯/૨૦૨૧